પી.બી.એસ.સી યોજના અંતર્ગત કાર્યરત માનવબળના પગાર વધારા બાબત

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: WCDD/WWM/e-file/23/2023/0270/A

સચિવાલય, ગાંધીનગર

**વંચાણે લીધા:**

(૧) વિભાગના તા.૧૫.૦૫.૨૦૧૩ના ઠરાવ ક્ર: મહય/૧૦૨૦૧૩/૯૬૨૪૦/અ

(૨) વિભાગના તા.૦૯.૦૨.૨૦૧૭ના ઠરાવ ક્ર: મહય/૧૦૨૦૧૬/૨૯૦૪/અ

(૩) વિભાગના તા.૩૧.૦૧.૨૦૨૨ના ઠરાવ ક્ર: મહય/૧૦૨૦૧૬/૨૯૦૪/અ

(૪) વિભાગના તા.૩૦.૦૩.૨૦૨૨ના ઠરાવ ક્ર: મહય/૧૦૨૦૨૦/૬૯૦/અ

(૫) કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરીનો તા.૧૬.૧૦.૨૦૨૫નો પત્ર ક્ર: WCDWW/PBE/e-file/260/2022/1281/PBSC

**પ્રસ્તાવના:**

વંચાણે લીધેલ ક્રમ નં.(૧) સામે દર્શાવેલ ઠરાવથી પોલીસ સ્ટેશન બેઇઝ્ડ સપોર્ટ સેન્ટરનું મહેકમ માળખું નિયત કરવામાં આવેલ છે. તથા વંચાણે લીધેલ ક્રમ નં.(૨) સામે દર્શાવેલ ઠરાવથી પોલીસ સ્ટેશન બેઇઝ્ડ સપોર્ટ સેન્ટર યોજનાનો વિગતવાર ઠરાવ કરવામાં આવેલ છે. ત્યારબાદ વંચાણે લીધેલ ક્રમ નં.(૩) અને (૪) સામે દર્શાવેલ ઠરાવથી પોલીસ સ્ટેશન બેઇઝ્ડ સપોર્ટ સેન્ટર માટે માનવબળની સેવાઓ નિયત મહેનતાણા મુજબ માન્ય એજન્સી મારફત આઉટસોર્સથી મેળવવાની મંજૂરી આપવામાં આવેલ છે. ઉક્ત મહેકમના પગાર વધારા બાબતે વંચાણે લીધેલ ક્રમ નં.(૫) સામે દર્શાવેલ પત્રથી કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી દ્વારા દરખાસ્ત કરવામાં આવેલ છે. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પોલીસ સ્ટેશન બેઇઝ્ડ સપોર્ટ સેન્ટર અંતર્ગત કાર્યરત માનવબળ માટે નીચે મુજબના પગાર વધારાને આથી મંજૂરી આપવામાં આવે છે.

(રકમ રૂ.)

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | હાલનો પગાર(માસિક) | સુચિત વધારો કરતાં કુલ પગાર |
|---|---|---|---|---|
| ૧ | સ્ટેટ કોર્ડીનેટર | ૦૧ | ૪૫,૦૦૦/- | ૬૦,૦૦૦/- |
| ૨ | રીજીઓનલ કોર્ડીનેટર | ૦૧ | ૩૭,૫૦૦/- | ૪૫,૦૦૦/- |
| ૩ | કાઉન્સેલર | ૧૪૧ (આઉટસોર્સ) | ૧૫,૦૦૦/- | ૨૦,૦૦૦/- |
| | | ૧૯ (કરાર આધારિત) | ૧૫૦૦૦/- | ૧૫,૦૦૦/- |

આ અંગેનો ખર્ચ ૧૦૬-૨૨૩૫-૦૨-૧૦૩-૪૦ સદરે કરવાનો રહેશે.

આ મંજૂરીનો અમલ તા.૦૧.૦૯.૨૦૨૬ થી કરવાનો રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૦૧.૦૮.૨૦૨૬ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમનાં નામે,

(નિર્વિશા પુરોહિત)

ઉપ સચિવ

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન.રા.ક.મંત્રીશ્રી,(સ્વ.હ.) મહિલા અને બાળ કલ્યાણના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર.
- સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(મ.બા.વિ), નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- નિયામકશ્રી(મહિલા કલ્યાણ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક નં ૨૦, ડૉ જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ/ રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી,ઇ(બજેટ) શાખા મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય,ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા સારૂ.
- સિલેકટ ફાઇલ.

*Signature Not Verified*

*Signed by:Nirvisha Purohit*
*Under Secretary*
*Date:2026.08.15*
*22:55:58 +5:30*


Open the document in Adobe Acrobat DC to verify the E-sign